ગુજરાતમિત્ર
મંગળવાર 3 નવેમ્બર, ૨૦૨૬

ગામની કુલ વસતી ૧,૬૮૫, આદિવાસી, હરિજન, રાજપૂત, કોળી પટેલ, માહ્યાવંશી, પ્રજાપતિ, આહીર અને વણિક જેવી વિવિધ જ્ઞાતિના લોકો હળીમળીને રહે છે...

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

આજુબાજુ ગોપાલ



ટાઉન ટોક

માંગરોળ તાલુકાથી માત્ર 14.7 કિ.મી.ના અંતરે આવેલું નાનકડું ગામ

કંટવા

સુરતના માંગરોળ તાલુકા મથકથી માત્ર 14.7 કિલોમીટર અને ઔદ્યોગિક નગરી અંકલેશ્વરથી 17.2 કિલોમીટરના અંતરે વસેલું આ નાનકડું ગામ ભૌગોલિક દૃષ્ટિએ સાનુકૂળ સ્થાન ધરાવે છે. માંગરોળના કંટવા ગામની સૌથી વિશેષ બાબત એ છે કે આ ગામ ચારેય દિશામાં માતાજીના વાસથી ઘેરાયેલું છે. પૂર્વ ભાગમાં ખપ્પરમા માતાજી, પશ્ચિમ ભાગમાં ખોડિયાર માતાજી, ઉત્તર ભાગમાં રતનમા માતાજી, દક્ષિણ ભાગમાં વેરાઈમા માતાજી અને મધ્ય ભાગમાં અંબામાતાનો વાસ છે. આ રીતે ગામનું આખું ભૌગોલિક સ્વરૂપ ધાર્મિક દૃષ્ટિએ એક પવિત્ર પરિઘમાં સમાયેલું છે. કંટવા ગામનો રંગ અવધૂત પરિવાર સાથે અતૂટ અને ભાવનાત્મક નાતો છે. કંટવા ગામની ધાર્મિક પરંપરામાં રામધૂનનું વિશેષ સ્થાન છે. રામજી મંદિરમાં છેલ્લાં 35 વર્ષથી દરરોજ એક કલાક રામધૂન ચાલે છે. શ્રાવણ માસમાં છેલ્લાં 28 વર્ષથી અખંડ રામધૂન ચાલે છે. કંટવા ગામમાં આશરે 1,685 લોકોની વસતી છે.ગામમાં રામજી મંદિર, કેદારેશ્વર મંદિર, કોમ્યુનિટી હોલ અને ગોડાઉન બનાવ્યું છે. કંટવા ગામ ગ્રામીણ વિકાસ અને સામાજિક સૌહાર્દનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. કુલ ૭૭૨.૨૩ હેક્ટર જેટલો વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા આ ગામમાં કુદરતી સંપદા અને પશુપાલનનો સુંદર સમન્વય જોવા મળે છે. ગામની કુલ વસતી ૧,૬૮૫ છે, જેમાં ૮૮૨ પુરુષો અને ૮૦૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ગામમાં કુલ ૬૧૫ ઘર આવેલાં છે, જે એક સુગ્રથિત અને સ્થિર ગ્રામીણ જીવનશૈલી દર્શાવે છે. કંટવા ગામ સામાજિક સમરસતાનું પ્રતીક છે, જ્યાં આદિવાસી, હરિજન, રાજપૂત, કોળી પટેલ, માહ્યવંશી, પ્રજાપતિ, આહીર અને વણિક જેવી વિવિધ જ્ઞાતિના લોકો એકસાથે હળીમળીને રહે છે. શિક્ષણ ક્ષેત્રે પણ ગામનો પ્રગતિશીલ અભિગમ દેખાઈ આવે છે, જ્યાં સાક્ષરતાનો દર ૭૩.૦૯ ટકા નોંધાયો છે. આ ઊંચો સાક્ષરતા દર દર્શાવે છે કે ગ્રામજનો શિક્ષણ પ્રત્યે જાગૃત છે અને નવી પેઢીના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. ગામની આર્થિક અને દૈનિક પ્રવૃત્તિઓમાં પશુપાલન મહત્ત્વનો ભાગ ભજવે છે. ગામમાં કુલ ૧૦૪૬ જેટલું પશુધન છે, જે ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી પૂરી પાડે છે. આ ઉપરાંત, ગામમાં આસ્થા અને સંસ્કૃતિનું જતન કરતાં ૭ જેટલાં ધાર્મિક સ્થળો આવેલાં છે, જે ગ્રામજનોની આધ્યાત્મિક ભાવના અને સામાજિક એકતાને વધુ સુદ્રઢ બનાવે છે. સમગ્ર રીતે જોતાં કંટવા ગામ પશુપાલન, શિક્ષણ અને સામાજિક એકતાના બળે એક આદર્શ ગ્રામીણ સમુદાય તરીકે ઉભરી રહ્યું છે.

ખેતી, પશુપાલન અને સહકારી સેવાનો ત્રિવેણી સંગમ



કંટવાના વતની જીતેન્દ્રસિંહ રામસિંહ જાદવ છેલ્લાં ચાર વર્ષથી ગણેશ સુગર ફેક્ટરીની કસ્ટોડિયન કમિટીમાં ડિરેક્ટર તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. મૂળ કંટવા ગામના વતની જીતેન્દ્રસિંહ જાદવ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમણે આશરે 100 દૂધાળા પશુનો તબેલો બનાવ્યો છે. જીતેન્દ્રસિંહ જાદવે હાંસોટમાં આવેલી પંડવાઈ સુગર ખાતે ક્લાર્ક, એગ્રી ઓફિસર અને ટ્રાન્સપોર્ટ મેનેજર તરીકે નોકરી કરી હતી. તેમના ઉત્સાહને ધ્યાનમાં રાખીને વર્ષ-2006ની ચૂંટણી વખતે પંડવાઈ સુગરના તત્કાલીન ચેરમેન (હાલના મંત્રી) ઈશ્વરસિંહ પટેલે પોતાની પેનલમાં તેઓને પંડવાઈ સુગરના ડિરેક્ટર તરીકે ત્રણ વર્ષ માટે નિયુક્ત કર્યા હતા. જીતેન્દ્રસિંહ જાદવ તેઓ ગામની સેવા સહકારી મંડળીના આઠ વર્ષથી ડિરેક્ટર, શ્રી રંગ સાર્વજનિક કેળવણી મંડળ કંટવાના ટ્રસ્ટી અને કોસંબા રાજપૂત સમાજના ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા છે અને વર્ષ 2022-23થી ગણેશ સુગર ફેક્ટરીમાં કસ્ટોડિયન કમિટીના ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. જીતેન્દ્રસિંહ જાદવ હંમેશાં ખેડૂતલક્ષી કાર્યોમાં અગ્રેસર રહે છે. તેમનું માનવું છે કે ગામના વિકાસ માટે સારાં કાર્યો થવા જોઈએ. તેઓ કંટવા ગામ માટે જે સારાં કાર્ય થાય એના માટે અમે તત્પરતા રાખતા હોય છે. આજે પણ ગામના રોડ, રસ્તાઓ સહિતની માળખાગત સુવિધા મળે એવી લાગણી હોય છે. જીતેન્દ્રસિંહ રામસિંહ જાદવનું વ્યક્તિત્વ ખેતી, પશુપાલન, સહકારી ક્ષેત્ર અને સામાજિક સેવાના સંગમનું ઉત્તમ ઉદાહરણ છે. તેઓ પોતાની વ્યવસાયિક સૂઝ, સંગઠનાત્મક ક્ષમતા અને ખેડૂતો પ્રત્યેની નિષ્ઠાના આધારે સમાજમાં પ્રેરણારૂપ વ્યક્તિત્વ તરીકે ઉભરી આવ્યા છે. ગણેશ સુગર ફેક્ટરીમાં તેમની ડિરેક્ટર તરીકેની જવાબદારી અને ગામના વિકાસ માટેની તેમની તત્પરતા તેમને એક આદર્શ સામાજિક નેતા તરીકે પ્રસ્થાપિત કરે છે.

ઓર્ગેનિક ખેતી તરફ વળેલા કંટવાના પ્રગતિશીલ ખેડૂત સતીષકુમાર ભરથાણીયા





કંટવાના સતીષકુમાર ચંદ્રસિંહ ભરથાણીયાએ સજીવ ખેતી અપનાવી સફળતાની નવી દિશા બતાવી છે. 46 વર્ષીય સતીષકુમાર ચંદ્રસિંહ ભરથાણીયા શરૂઆતથી જ ખેતી કાર્યમાં જોડાયેલા છે. આજે તેઓ પોતાની અને અન્યની મળી કુલ 125 વીઘાં જમીનમાં ખેતી કરે છે. તેમની ખેતીમાં શેરડી, ડાંગર, ઘઉ અને હળદરનો સમાવેશ થાય છે. તેમણે સુભાષ પાલેકરની પ્રકૃતિ નેચરલ ફાર્મિંગની વિચારધારાને ઘણા સમય પહેલા જ અમલમાં મૂકી હતી. સતીષભાઈ પોતાની જમીનમાં જીવામૃત છાંટી હળદર અને શેરડીની ખેતી કરે છે. રાસાયણિક ખાતરોથી જમીનને મુક્ત કરી ઓર્ગેનિક પદ્ધતિથી જમીનમાં નવા બેક્ટેરિયાનો ઉમેરો થાય છે, જેનાથી જમીન પોચી બને છે અને ફળદ્રુપતામાં વધારો થાય છે. જીવામૃત બનાવવા માટે 200 લીટર પાણીના ડ્રમમાં 10 કિલોગ્રામ દેશી તાજું છાણ, 10 લીટર દેશી ગાયનું ગૌમૂત્ર, 1 કિલોગ્રામ ગોળ, 1 કિલોગ્રામ બેસન (ચણાનો લોટ શ્રેષ્ઠ) અને 40 ગ્રામ વડ કે પીપળાના વૃક્ષ નીચેની જીવંત માટીનો સમાવેશ થાય છે. આ બધું ભેગું કરી કોથળાથી ઢાંકીને છાંયડામાં રાખવામાં આવે છે. જેને દિવસમાં બે વાર હલાવવું પડે છે. 3થી 4 દિવસમાં જીવામૃત તૈયાર થઈ જાય છે. આ જીવામૃત 15 દિવસના અંતરે ખેતરમાં પાણી સાથે છંટકાવ કરી શકાય છે. હળદરનો પાક લેવા માટે એક વીંઘામાં રૂ.16,800નું બિયારણ રોપવામાં આવે છે. નવ મહિનામાં નિંદામણ, પાક કાઢવાનું અને બિયારણ મળી કુલ રૂ.60 હજારનો ખર્ચ થાય છે. એક વીઘાંમાં ઓર્ગેનિક હળદર 200 મણ થાય છે, જેને પ્રોસેસિંગ કરી રૂ.80 હજારની આવક મેળવી શકાય છે. શેરડીનો પાક બનાવીને તેઓ જાતે જ ઓર્ગેનિક ગોળ બનાવે છે, જેના કારણે એક વીઘાંમાં રૂ.1 લાખની આવક મળે છે. ગોળ ઓર્ગેનિક હોવાથી લોકો ઘરેથી જ વેચાતો લઈ જાય છે. વધેલી શેરડી સુગર ફેક્ટરીમાં પણ મોકલાવે છે. ખેડૂત સતીષકુમાર ભરથાણીયા કહે છે કે, નવા નવા પ્રયોગો અને પરિશ્રમથી ચોક્કસ ફાયદો થાય છે. ખાસ કરીને લેબરની સમસ્યાને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં અમારે પણ ટેકનોલોજીનો લાભ લેવો પડશે.

શિક્ષણ છોડી ખેતી કરી, પણ ગામનો વિકાસ ન છોડ્યો: સરપંચ પ્રફુલભાઈ વસાવાની સફર



ગામનો મુખિયા એ સૌનાં હિત માટે જોડાયેલો હોય છે. આ ઉક્તિને કંટવા ગામના વિનમ્ર સ્વભાવના સરપંચ પ્રફુલભાઈ ભરતભાઈ વસાવાએ સાર્થક કરી છે. 40 વર્ષીય પ્રફુલભાઈ વસાવાએ પ્રાથમિક શિક્ષણ ગામની શાળામાં લીધું હતું. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ વી.એસ. પટેલ હાઈસ્કૂલ, તરસાડીમાં અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ એન.ડી.દેસાઈ હાઈસ્કૂલ, વાંકલમાં પૂર્ણ કર્યું હતું. જોકે, પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ધોરણ-12 બાદ શિક્ષણ છોડીને તેઓ ખેતીના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. તેમનો સ્વભાવ સારો હોવાથી વર્ષ-2023માં ભાજપમાં જોડાયા અને આજે માંગરોળ તાલુકા આદિજાતિ મોરચામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. વર્ષ-2025માં કંટવા ગ્રામ પંચાયતની ચૂંટણી આવતાં તેમણે પોતાની પેનલ સાથે સરપંચ તરીકે ઉમેદવારી નોંધાવી અને વિજય મેળવ્યો હતો. સરપંચ તરીકે કાર્યભાર સંભાળતાં જ પ્રફુલભાઈએ ગામના વિકાસને પ્રાથમિકતા આપી હતી. રામજી મંદિર પાસે પેવર બ્લોક અને RCC રોડ, ગામના મુખ્ય માર્ગોને પક્કા બનાવ્યા હતા. આદિવાસી વિસ્તારમાં વરસાદી પાણી ભરાતું હોવાથી તેમણે ગટર લાઈન બનાવડાવી, જેથી હવે પાણી ભરાતું નથી. માત્ર એક વર્ષની અંદર ગામમાં લગભગ અંદાજે રૂ.50 લાખનાં વિકાસ કામો પૂર્ણ કરાવ્યાં હતાં. આ અંગે સરપંચ પ્રફુલભાઈ વસાવા કહે છે કે, અમારા ગામનો સંપૂર્ણ સહયોગ અને સહકાર મળી રહે છે. હજુ ગામનાં ઘણાં કામો અમારા માઈન્ડમાં છે.

રાકેશભાઈ વસાવાનો ગામ માટે સેવાનો સંકલ્પ



કંટવા ગામના વતની 38 વર્ષીય રાકેશભાઈ ભરતભાઈ વસાવાએ નાની ઉમરે જ જાહેર જીવનમાં પ્રવેશ કરી તેમણે પોતાની જવાબદારી નિભાવવાની શરૂઆત કરી છે. રાકેશભાઈએ માધ્યમિક શિક્ષણ સુધીનો અભ્યાસ કરી ખેતીના વ્યવસાયને અપનાવ્યો હતો. વર્ષ-2026માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે રાકેશભાઈ વસાવા પર વિશ્વાસ મૂક્યો હતો. કંટવા સહિત આસપાસનાં ચાર ગામમાંથી ચૂંટણી લડવાની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. ભાજપે તેમના પર કળશ ઢોળ્યો એટલે કે તેમને પક્ષની ટિકિટ આપી મેદાનમાં ઉતાર્યા હતા. જેને કારણે રાકેશભાઈએ સારી લીડથી વિજય મેળવ્યો અને માંગરોળ તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા હતા. રાકેશભાઈના મનમાં પોતાના ગામ પ્રત્યે ઊંડી હેતની લાગણી છે.





કંટવા ગ્રામ પંચાયતના પદાધિકારીઓ

- **સરપંચ**-પ્રફુલભાઈ ભરતભાઈ વસાવા
- **ઉપ સરપંચ**-રણવીરસિંહ અશોકસિંહ રણા
- **સભ્ય**-દીપિકાબેન દિનેશચંદ્ર પ્રજાપતિ
- ગીતાબેન ગજેન્દ્રસિંહ દેલાડા
- સુનીલભાઈ મુકેશભાઈ વસાવા
- રાજેશકુમાર વિનોદભાઈ વસાવા
- રવીનાબેન નીતિનભાઈ વસાવા
- અનિતાબેન સંજયભાઈ વસાવા